
ગાંધીનગર સમાચાર
તા. ૨૭-૫-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### ...કાશી-મથુરા બાકી હૈ?

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એમની સરકારનું એક વર્ષ રંગેચંગે પૂરું કર્યુ છે અને હવે દેશભરમાં એનો મહોત્સવ ઊજવી રહ્યાં છે. ઉત્સવપ્રિયાઃ ખલુ જનાઃ એ સૂત્ર મુજબ માણસ માત્રને ઉજવણી ગમતી હોય છે. પરંતુ દરેક વસ્તુનું પ્રમાનભાન ખૂબ જરુરી છે. વધુ પડતી આત્મશ્લાધા સૂગમાં પરિણમતી હોય છે. વડાપ્રધાને સત્તાનાં સૂત્રો સંભાળતાં કહેલું કે હું દેશનો પ્રધાનમંત્રી નહીં પરંતુ પ્રધાન સેવક છું. એ જ બાબતનું એમણે મથુરાની રેલીમાં પુનરુચ્ચારણ કર્યું. પ્રધાનમંત્રી પ્રધાનસેવક બની રહે એથી વધુ સારી બાબત બીજી કઇ હોઇ શકે? પરંતુ પ્રધાનસેવક આખું વરસ પોતે કરેલી સેવાઓનો પોતે ને પોતે હવાલો આપતો રહે, પોતે ને પોતે પોતાની પીઠ થાબડતો રહે ત્યારે પ્રજાને જરા વધુ પડતું લાગે તે સ્વાભાવિક છે. હકીકતમાં મોદી સેવક કરતાં વધારે રાજા જ રહ્યાં છે તે પ્રજા સુપેરે સમજે છે. પ્રજાને એની સામે વાંધો પણ નથી. એ તો ઈચ્છતી જ હોય કે ભ્રષ્ટ નોકરશાહીને અને પ્રધાનોને નાથવા માટે રાજા-છાપ વડાપ્રધાન જ જોઈએ. ડૉ. મનમોહનસિંહ પોતે શુદ્ધ હતા પરંતુ તેઓ અશુદ્ધ પ્રધાનો અને ભ્રષ્ટ નોકરશાહીની જોહુકમી સામે મૌન રહ્યાં. વળી એમની પાસે મોદી જેવી સ્પષ્ટ બહુમતી પણ કયાં હતી? નહોતી સ્પષ્ટ બહુમતી કે નહોતી સુવાંગ સત્તા. મોદી આણિ કંપની 'મૌની બાબા'ની મજબૂરીને સમજીને બરાબર એમની દુખતી રગ પર જ આંગળી મૂકતી રહી. પ્રજાને પણ મનમોહન પ્રત્યે શરુઆતના તબક્કે જે માનની લાગણી હતી તે છેલ્લા સમયગાળામાં નફરત ભરી અનુકંપામાં ફેરવાઇ ગઇ હતી. કદાચ કોંગ્રેસનો કોઇ જનાધાર ધરાવતો નેતા મનમોહનસિંહની જગ્યાએ હોત તો પાર્ટીનો આવો કરૂણ રકાસ ન જ થયો હોત. મોદીમાં નેતૃત્વના તમામ ગુણો છે, સિવાય કે વિરોધી પ્રત્યેનું ઔદાર્ય. એ કિન્નાખોર સ્વભાવ ધરાવે છે અને કોઈને પણ બક્ષતા નથી. લાંબે ગાળે આ બાબત એમને નડવાની છે. હાલ પૂરતા તેઓ એમના એક દંડિયા મહેલમાં સલામત છે, કારણ કે એમને પડકારી શકે એવું ગજું ધરાવતો નેતા નથી કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષોમાં કે નથી એમની પોતાની પાર્ટીમાં. જે પાર્ટીની સભ્યસંખ્યાનો વિક્રમ નોંધાવ્યાનો દાવો કરાય છે તે પાર્ટીમાં નેતાગીરીના નામે દેવાળું ફૂંકાઇ ગયું છે. અડવાણી-જોષી-સુષમાની સ્થિતિ તો એવી છે કે ન કહેવાય ન સહેવાય કે ન રહેવાય. આ મોદીનો રાજકીય આતંક છે. 'ગુજરાતનો નાથ' માં કનૈયાલાલ મુનશી કહે છે : 'ભય વિના પ્રીતિ શક્ય નથી.' મોદી પ્રત્યેનો પ્રેમ એ ભયમાંથી જન્મેલી મજબૂરી છે. પરંતુ પ્રજાને પાર્ટીના આંતરિક રાજકારણ સાથે શી લેવાદેવા? પ્રજાને તો પરિણામ ખપે છે. મોદી આજે નહીં તો કાલે - પરિણામ બતાવી શકશે એવો ભરોસો મૂકીને પ્રજા એનું કામ કરતી રહે છે. ભરોસાની ભેંસ દર વખતે પાડી જ જણે તે જરુરી નથી. પરંતુ પહેલાં વર્ષ દરમિયાન મોદી સરકાર સામે ભ્રષ્ટાચાર મુદ્દે કોઇ આંગળી ચીંધી શક્યું નથી, તે એક મસમોટું આશ્વાસન છે. બાકીની બાબતોમાં કોઇ નોંધપાત્ર પ્રગતિ થઇ નથી. વળી સિફતપૂર્વક મોદીએ ચૂંટણી વચનોમાંથી ધ્યાન હટાવવા સફાઇ ઝુંબેશ, શૌચાલય, બેટી પઢાઓ-બેટી બઢાઓ જેવા રચનાત્મક કાર્યક્રમો આપી પ્રજાને પોતાની ક્રિએટીવ ટેલન્ટનો અહેસાસ કરાવ્યો છે. મોદીએ કાળા નાણાં વાળા સામે કે ભૂતકાળમાં ભ્રષ્ટાચાર કરનારાઓ સામે હજી સુધી કોઇ કડક પગલાં લીધાં નથી, હાકલા-પડકારાં જરુર કર્યા છે. મથુરામાં રેલી પાછળ અયોધ્યા પછી 'કાશી-મથુરા બાકી હૈ' નો છૂપો એજન્ડા હોય તોય કોને ખબર! આખરે તો ચૂંટણી વખતે એમને હિંદુત્વનું કાર્ડ જ ખપ લાગવાનું છે.



પરીક્ષા - એક તરફ વેકેશનનો માહોલ જામ્યો છે ત્યારે પોલિટેકનીક ખાતે વિદ્યાર્થીઓ શાંતચિત્તે પરીક્ષા આપી રહ્યા છે... પરીક્ષા અને વેકેશન વિરોધાભાસી માહોલ છે... છતાં માનસિક સ્થિરતા સાથે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પરીક્ષામાંય પરીક્ષા અનુભવે છે.... (તસવીર : દિપક જાની)

## લયબદ્ધ શ્વસન તાલીમ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

તાવરિયાજી નિર્દિષ્ટ લયબદ્ધ શ્વસન દ્વારા સ્વાસ્થ્યનો સંપૂર્ણ નિ:શુલ્ક તાલીમ કાર્યક્રમ દર માસના છેલ્લા શુક્ર, શનિ, રવિ દરમિયાન નિયમિતપણે યોજવામાં આવે છે. સેક્ટર-૧૨માં બલરામ મંદિરના ભોંયતળિયે હોલમાં તા. ૨૯ થી ૩૧ મે દરમ્યાન સવારે ૮.૦૦ કલાકે યોજાનાર છે. જેનો લાભ લેવા નગરજનોને આમંત્રિત કરેલ છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, મારુ માનો, લોકોને અપીલ કરો.. કે જેટલું નેટમાં નાખે છે એટલું પેટમાં નાખે તો અચ્છે દિન અનુભવાશે તરત જ...

# કોન્સ્ટેબલની ભરતી પરીક્ષા મેરીટ ૮૦ ગુણ પર અટક્યુ

## મે-૨૦૧૫માં લેવાયેલી પરીક્ષાનું પરિણામ જાહેર કરાયું છે પુરુષ વિભાગમાં જનરલ કેટેગરી પરિણામ ૮૦ માર્કે

અમદાવાદ, તા.૨૬

ગુજરાત પોલીસ દરમાં ખાલી પડેલ ૫ હજારથી વધુ કોન્સ્ટેબલની જગ્યાઓ ભરમાં માટે ભરતી બોર્ડ ધ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં લાખો ઉમેદવારોએ અરજી કરી હતી આ ઉમેદવારો પૈકી શારીરિક કસૌટીમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને લેખીત પરીક્ષામાં બેસવાની તક આપવામાં આવી હતી મે ૨૦૧૫માં લેવાયેલ આ લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવાયું છે જેમાં પુરુષ વિભાગમાં જનરલ કેટેગરીનું મેરીટ ૮૦ માર્કસે અટક્યુ છે.

શારિરીક કસૌટીમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોની લેખિત પરીક્ષા ઉજી મેના રોજ યોજાઈ હતી. ૧.૯૦ લાખ ઉમેદવારોએ આ લેખિત પરીક્ષા આપી હતી. આ લેખિત પરીક્ષાનું પરીણામ પોલીસ ભરતી બોર્ડ દ્વારા સોમવારે મોડી રાત્રે વેબસાઈટ પર અપલોડ કરી દેવામાં આવ્યું છે. આ પરીણામ મુજબ જનરલ કેટેગરીમાં મેરીટ ૮૦ માર્કસે અટક્યુ છે. જ્યારે ઓબીસી અને એસી કેટેગરીમાં મેરીટ ૭૭ માર્કસે અટક્યુ છે. તો એસટી કેટેગરીમાં મેરીટ ૭૦ માર્કસે અટક્યુ છે. આ તમામ ઉમેદવારોને હવે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. ત્યારે બાદ સારિરીક પરીક્ષા, લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુના માર્કસેના આધારે કોમન મેરીટ તૈયાર કરી પોલીસ કોન્સ્ટેબલોની ભરતી કરવામાં આવશે ઉલ્લેખનીય છે કે આ વખતે પોલીસ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષા રાજયમાં ૧૪૮ કેન્દ્રો પરથી લેવાઈ હતી જેમાં ૮૦૦૦ હજાર જેટલી મહિલા ઉમેદવારો પણ જોડાઈ હતી આ લેખિત પરીક્ષામાં પ્રથમ વખત બાયોમેટીક સિસ્ટમનો ઉપયોગ કરાયો હતો એટલે કે અન્ય કોઈ ઉમેદવાર પરીક્ષા ના આપી જાય તે માટે આધુનિક પદ્ધતીનો ઉપયોગ કરી ઉમેદવારોની ફિંગર પ્રિન્ટ લઈ હાજરી પુરાઈ હતી.પરીક્ષા બાદ પીએસઆઈ, એએસઆઈનું પરિણામ ટુંકમાં જાહેર થશે.

## સે-૨૮માં આજે આનંદનો ગરબો ગવાશે

ગાંધીનગર, તા.૨૮

વંદેમાતરમ પરિવાર દ્વારા સેકટર-૨૮ ખાતે આનંદનો ગરબો યોજાશે. આજ રોજ બુધવાર બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન હરિ ઓમ વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૩/૧, કોલવડાનગર સેકટર-૨૮ ખાતે યોજાશે. ધાર્મિક કાર્યક્રમમાં નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિતત રહેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

## માનવ વિકાસ પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૬

અખિલ ભારત અનુસૂચિત જાતિ-અનુસૂચિત જનજાતિ માનવ વિકાસ પરિષદની દસમી વાર્ષિક સાધારણ સભાની બેઠક ૩૧ મે, રવિવારના રોજ સાંજે ૪-૦૦ કલાકે ટ્રસ્ટના મુખ્ય કાર્યાલય 'ગોકુલ' પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-(ડી) ખાતે રાખેલ છે. જેમાં સંસ્થાકીય સભાસદોએ સમયસર હાજર રહેવા જણાવાયું છે.

## પુરાની યાદે... મ્યુઝિકલ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને જુનિયર સિટીઝન કાઉન્સિલ, ગાંધીનગર દ્વારા હિન્દી સિનેમાના પ્રસિધ્ધ પાર્શ્વગાયક લતાજી, રફી સાહેબ, કિશોર દા અને મન્ના ડેના મુખે ગવાયેલા અવિસ્મરણીય ગીતોનો કાર્યક્રમ 'પુરાની યાદે' આગામી તા. ૨૯ શુક્રવાર રાત્રે ૯-૦૦ વાગે સેકટર-૧૭ સ્થિત ટાઉનહોલમાં યોજાશે. ગુજરાતના બેસ્ટ સિંગર ચિરાગ દેસાઈ, શ્યામ ગઢવી, ગાયત્રી ઉપાધ્યાય ગ્રુપ ગીતોનો રસથાળ પિરસશે. જમાં સંદિપ ક્રિશ્ચિયન, મ્યુઝીક ઓરકસ્ટ્રાની ધૂન રેલાવશે. કિન્નુ ગઢવી રસદર્શન કરાવશે.

## ઈન્ડિયાસ રૉ-સ્ટાર દર્શન રાવલ આજે મુખ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાત લેશે

ગાંધીનગર, તા.૨૬

દેશ અને દુનિયામાં ગુજરાતનું ગૌરવ વધારનાર ઈન્ડિયાસ રૉ-સ્ટાર દર્શન રાવલ આજે ગાંધીનગરનો મહેમાન બનશે. દર્શન બપોરે ત્રણ કલાકે રાજયના મુખઅયમંત્રી આનંદીબહેનની શુભેચ્છા મુલાકાત લેશે. સરકારના એક વર્ષ નિમિત્તે લોકાર્પિત થનાર એક ગુજરાતી સામયિકનું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે.

દર્શન રાવલે પોતાના અવાજના જાદુથી યુવાનોનું દિલ જીત્યું હતું. દર્શન ઈન્ડિયાસ રૉ-સ્ટાર માં રનર્સ અપ રહ્યો હતો. અગાઉ કલ્ચરલ ફોરમના કાર્યક્રમમાં પણ તેણે હાજરી આપી હતી. ત્યાર બાદ બીજી વખત તે પાટનગરનો મહેમાન બનશે.



(તસવીર : નટુભાઈ પટેલ)

ગાંધીનગર તાલુકાના શાહપુર ગામમાં કિસાન સશક્તિકરણ દિવ્ય મહોત્સવ યોજાયો હતો. મહોત્સવમાં કિસાનોને ટેકનોલોજીયુક્ત ખેતી કરવા માટે જણાવ્યુ હતુ. કિસાનોને સેન્દ્રિય ખાતરની જગ્યાએ ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરવા પર ભાર મુકવામાં આવ્યો હતો. મહોત્સવમાં ભાજપ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરૂષોત્તમ રૂપાલા, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગાંધીનગરના ધારાસભ્યો અશોક પટેલ, શંભુજી ઠાકોર, રાજયોગીની સરલાદીદી, તારાદીદી, સહિત સાત હજારથી વધુ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# CBSE ધોરણ-૧૦ પરીક્ષાનું આજે પરિણામ જાહેર કરાશે

અમદાવાદ, તા.૨૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ)ની ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ આવતીકાલ જાહેર કરી દેવામાં આવશે ૧૩,૭૩,૫૮૩ વિદ્યાર્થીઓએ આ ધોરણ-૧૦ની પરીક્ષા આપી હતી. જેઓમાં પરિણામે લઈને ભારે આતુરતા જોવા મળી રહી છે.આવતીકાલે બપોરે ૧૨ કલાક બાદ સીબીએસીની વેબસાઈટ પર પરિણામ નિહાળી શકાશે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા માર્ચ-૨૦૧૫માં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી ધોરણ-૧૦ની પરીક્ષામાં ૧૩,૭૩,૫૮૩ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પરીક્ષા પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓ આતુરતા પૂર્વક પરિણામોની રાહ જોઈ રહ્યા છે ત્યારે સીબીએસઈ તરફથી કરવામાં આવેલી જાહેરાત મુજબ સીબીએસઈ ધોરણ-૧૦નું પરિણામ આવતીકાલે બપોરે ૧૨ વાગ્યે જાહેર કરી દેવામાં આવશે. સીબીએસઈની વેબસાઈડ ઉપર આ પરિણામ જાહેર કરલાની જગ્યાએ બે અથવા ત્રણ ફેસમાં જાહેર કરવામાં આવે તેવી પણ શકયતા છે. જેમાં ચેન્નાઈ ઝોનનું પરિણામ પ્રથમ જાહેર કરવામાં અવાશે ત્યાર બાદ પટણા અને ભુવનેશ્વર ઝોનનું પરિણામ જાહેર કરવામાં આવે છે અને અંતે ઓલ ઈન્ડીયાનું પરિણામ જાહેર કરવામાં આવશે આ વર્ષ સીબીએસઈ બોર્ડની સંખ્યામાં ૩.૩૭ ટકાનો વધારો નોધાયો હતો. ત્યારે આ વખતે પરિણામની ટકાવારીમાં પણ વધારો નોંધાયો તેવી અટકળો લગાવવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે સોમવારે સીબીએસી ધોરણ ૧૨નું પરિણામ જાહેર કરવામાં આવી હતુ આ પરિણામ ઓલ ઈન્ડીયા લેવલે ૮૨.૦૨ ટકા જાહેર થયું હતું જ્યારે અમદાવાદ શહેરનું પરિણામ ૯૫ ટકાથી ઉપર રહ્યું હતું ત્યારે હવે આવતી કાલે જાહેર થનાર સીબીએસી ધોરણ ૧૦ના પરિણામ ઉપર તમામની નજર રહેલી છે. આ ઉપરાંત ધોરણ ૧૨નું પરિણામ જાહેર કરતા સમયે ભારે ધસારાના કારણે સીબીએસીની વેબસાઈટ ક્રેશ થઈ ગઈ હતી જેના કારણે વિદ્યાર્થીઓને ભારે હાલાકી ભોગવી પડી હતી ત્યારે આવતી કાલે આ પરીસ્થિતિ ફરીથી ના સર્જાય તે માટેની તકેદારી રખાઈ રહી છે.

# ધોરણ-૧૦ પછીની કારકિર્દીની ઊંચી કૂદ

## વિચારોના મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

સ્ટીવ જોબ્સ કહેતા ; 'તમારી આખી જિંદગી બીજાના સ્વપ્નો સાકાર કરવામાં ન બાગાડશો, પોતાના સપના જોવાની આદત પાડો. બીજા એક મોટા ઉદ્યમી કહે છે : આ દુનિયામાં જન્મતા પ્રત્યેક દસમાંથી નવ વ્યક્તિ દસમાની સેવા કરે છે, તમે દસમા વ્યક્તિ બનજો. બિઝનેસ હંમેશા દૂરનું જોઈવિચારી શકવાની અને આત્મવિશ્વાસ આ બે પાયા પર ખડો થાય છે. જયારે નોકરી ખરેખર તો નોકરની માનસિકતાને પંપાળે છે. યસ સર (!) નું ગણિત અને સંબંધોનું વિજ્ઞાન સમજનાર નોકરીની અવધિ લંબાવે રાખે છે. ગધેડાના વિક્રમો બોજ ખેંચવા વિશેના હોય છે. ઘોડાના પવનની ગતિ સાથેના હોય છે.

વિનોબાજીએ વિદ્યાર્થીઓના સમસ્ત કર્તવ્યોને ચાર વિભાગોમાં એકત્રિત કર્યા છે. ૧. ચિંતન સ્વાતંત્ર્ય ૨. આત્મ નિયંત્રણ ૩. નિરંતર સેવા પરાયણતા ૪. વિશ્વ નાગરિકતાની ભાવના. આ ચાર કર્તવ્યો આવે તેવો કોઈ પણ અભ્યાસક્રમ કરવાની છૂટ વાલીએ આપવી જોઈએ. એક ચિંતકે સ્વ અનુભવે કહ્યું કેઃ 'ભણવાના ફાયદાઓની લગભગ મોટાભાગના વિદ્યાર્થીઓએ ભણવાના ફાયદાઓમાં સૌથી મોટો ફાયદો ગણાવ્યો ''ભણવાથી સારી નોકરી મળે. આજ સવાલ એક બીજી સભામાં વાલીઓને પૂછયોઃ જવાબ એ જ આવ્યો ''સારી નોકરી મળે. અને નોકરી કરતા શિક્ષકોએ પણ એ જ જવાબ આપ્યો. તમને આ સવાલ પૂછવામાં આવે તો માનું છું, માવતર તરીકે તમારો પણ આ જ જવાબ હશે. ''બાળકોને ભણાવીએ તો એમને સારી નોકરી મળે, એમની જીંદગી બની જાય. પહેલી નજરે આ અને આવા જવાબો ''સાચા જણાય છે. આપણા સગા સંબંધીઓમાં, દોસ્તોમાં ઘણા મોટા ભાગની વ્યક્તિઓ નોકરી કરે છે.પારસી કોમમાં લગ્નનું ચોગઠું ગોઠવાતું હોય ત્યારે છોકરાનોછોકરીનો 'પગાર પૂછાવનો શિરાસ્તો છે.''કાં નોકરી કરેચ ? ''પગાર કેટલો છે. આ શબ્દ 'નોકરી આપણા તાણાવાણામાં એવો તો વણાઈ ગયો છે કે જેની પાસે નોકરી નથી તે ''બેકાર ગણાય છે અને અખબારોમાં વાર તહેવારે આવા નોકરી વિનાના બેકારોના આત્મહત્યાના કે આત્મહત્યા કરવાના પ્રયાસોના સમાચાર ભમકતા રહે છે. જે ''પ્રોફેશનલ થી ઓળખાય છે. દાકતરો, એન્જિનિયરો, એકાઉન્ટન્ટો પણ એમના શરૂઆતના દિવસોમા નોકરી શોધતા હોય છે. આવા નોકરીલક્ષી માઈન્ડ સેટથી 'બેકારી ની સમસ્યા દૂર કરવા માટે સરકાર પણ આવતા પાંચ વર્ષમાં નોકરીની કેટલી તકો ખુલશે તેના ઠાલા વચનો આપતી રહે છે. સમસ્યા નોકરીની છે કે નાણાંની ? બેકારીનો અર્થ ''નોકરી નથી તમે દિમાગ કોમ્પ્યુટરમાં ખોટો ડેટા ભર્યો છે. ''મને નોકરી જોઈએ છે. વાસ્તવમાં તમને ''નોકરી નહિ નાણા જોઈએ છે, કાવડિયા જોઈએ છે. ભરો દિમાગી કોમ્પ્યુટરમાં એવો ડેટા કે ''મને નાણાની, પૈસારી જરૂર છે હું તો નાણા કમાવવાના હજારો રસ્તાઓ દિમાગ તમને બતાવશે. આવા હજારો રસ્તાઓમાં ''નોકરી ફકત એક રસ્તો છે. માવતર તરીકે બાળકના દિમાગને નોકરીલક્ષી ન બનાવવાની ફરજ તમારે નિભાવવાની છે. નોકરી કર્યા વિના પૈસા કમાવાના રસ્તાઓની ચર્ચા ઘરમાં થતી રહે તે જોવાની ફરજ બજાવવાની છે. નોકરી કરવામાં આવે છે અને કારકિર્દી, એક મકાનની જેમ ચણવામાં આવે છે. જે નોકરી કરે છે તેને પણ કારિર્દીની ભાષા બોલવાની છે. અને નોકરી કર્યા વિના નાણા કમાવવાના જે હજારો રસ્તા છે તે રસ્તે ચાલતાં ''કારકિર્દી ની ભાષા બોલવાની છે. કરસનભાઈ પટેલે ડિટર્જન્ટ ઘર ઘર ફરી વેચ્યો પણ ઉદ્યોગપતિની કારકિર્દી ઉપર નજર રાખી. કારકિર્દીની સડક આજે ખૂબ જ ખાબડખૂબડ છે. દિશા બતાવતાં પાટિયા પરિવર્તનોના તોફાનોમાં ડી ગયા છે. અસંખ્ય ડાયવર્ઝનો છે.

ડૉ.રાધાકૃષ્ણનના મતે બાળક એવી કાચી સામગ્રી નથી, જેના પર આપણે આપણી પ્રબળ ઈચ્છાશક્તિ વડે ગમે તેવા અપ્રામાણિક દ્રષ્ટિકોણ લાદી શકીએ.શિક્ષણનો અર્થ વિચારોના ઈન્જેક્શન આપ આપ કરી, બાળકોને આપનાં જેવાં જ દૂષિત કરી મૂકવાં એવો નથી, શિક્ષણનો અર્થ તો બાળક જે કાંઈ નૈસર્ગિક, સાહજિક, નિર્દોષ અને તંદુરસ્ત છે તેને સમજી પોતાની જાત તેમજ જાગતિક (જગતને લગતું) તત્ત્વો સાથે સુસંવાદી બનવા પ્રેરાય એ છે.

પરિણામો બહાર પડે એટલે હવે આગળ શું તેની મૂંજવણ શરૂ થાય? કયા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવો? ક્યો અભ્યાસક્રમ ભવિષ્યની જરૂરીયાત હશે? ઘણા બધા સવાલો હોય અને આ દરેક સવાલોના અલગ અલગ જવાબો હોય., બીજા મિત્રો વળી બીજી સલાહ આપે. કશું ન જાણનાર પણ સલાહ આપી જાય તે પણ શક્ય છે.

દસમા પછી ૧૧-૧૨ ન કરી શકનાર વિદ્યાર્થીએ ઝટ નોકરી પટ ધંધાની તૈયારી સાથે આગળ વધવાનું છે. ધોરણ ૧૦ પછી કારકિર્દીના વિકલ્પોમા ડિપ્લોમા અભ્યાસક્રમો છે. ડિપ્લોમા કૌશલ્ય નિર્માણ કરી આપે છે. જે કોઈ ચોક્ક્સ કામગીરી કરી શકવાની બાંહેધરી આપે છે. રાજયમાં આવેલ જુદી જુદી પોલિટેકનિક કાલેજમાં ઈજનેરી મેડિકલ અને પેરામેડિકલમાં ત્રીસથી વધારે પ્રકારના ડિપ્લોમા અભ્યાસક્રમો મળી શકે છે. આ અભ્યાસક્રમની મુદત ત્રણ વર્ષ અથવા છ સેમેસ્ટરની હોય છે. આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ રોજગારીની ખૂબ જ તકો પ્રાપ્ત થઈ શકે છે. સામાન્ય રીતે જે મિત્રો એન્જિનીયરીંગ ક્ષેત્રમાં જ કારકિર્દી બનાવવા ઈચ્છતા હોય, પરંતુ ધો૧૨ સાયન્સ અભ્યાસમાં ઓછા ટકા આવ્યા હોય કે ધો. ૧૨ સાયન્સમાં ઓછા ટકા આવશે તો? એવી શંકા હોય તેઓ આ ધો.૧૦ પછીના ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનું પસંદ કરે છે. ડિપ્લોમા એન્જિનિયરીંગમાં જે અભ્યાસક્રમમાં જે લાઈનમાં વિદ્યાર્થીને રસ પડે તે જ કોર્સ સારો કહેવાય. સરનામું : (૧) સરકારી પોલિટેકનિક, પ્લાસ્ટીક બિલ્ડિંગ, આંબાવાડી, અમદાવાદ **Web: edagujarat.org/gpahmedabad.org** (૨) આર.સી. ટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ ગુજરાત હાઈકોર્ટ સામે, સરખેજ, સોલા, અમદાવાદ આઈ.ટી.આઈ.ના અભ્યાસક્રમો સારા છે. ધો. ૧૦ પછી રાજયમાં આવેલી વિવિધ આઈટીઆઈમાં એન.સી.વી.ટી. પેટર્નના આશરે ૫૩ અને જી.સી.વી.ટી. પેટર્નના આશરે ૧૯ (ઓગણીસ) અભ્યાસક્રમ છે. આ અભ્યાસક્રમો પ્રમાણપત્ર કક્ષાના છે. તેની મુદત એકથી બે વર્ષ સુધીની છે તેમજ ટૂંકા ગાળાના અભ્યાસક્રમો આશરે ૭૫ (પંચોતેર) જેટલા છે, જેની મુદત પંદર (૧૫) દિવસથી ૬ માસ સુધીની છે. ધો. ૧૦ પાસ ઉમેદવાર આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવીને કારકિર્દીની શ્રેષ્ઠ તકો મેળવી શકે છે, જેમાં સ્ટેનોગ્રાફર (અંગ્રેજી) સ્ટેનો કમ કોમ્પ્યુટર ઓપરેટર, મરીન એન્જિનિયરિંગ ટેકિનશીયન, ફિટર, ટર્નર, લિફ્ટ મિકેનિક, મોટર વ્હીકલ મિકેનિક, મિકેનિક કેમિકલ પ્લાન, સર્ટિ. ઈન. મશીનિસ્ટ, ડિપ્લોમા ઈન ટુલ્સ એન્ડ ડાઈ મેકીંગ આ બધા અભ્યાસક્રમ ૧૨ માસ અને ૨૪ માસની મુદતના છે. આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ રોજગારીની તકો સત્વરે મળે છે. **Web: www.gst.talimrojgar.org** - એરમેન મિકેનિકેલ ટ્રાન્સપોર્ટ ટ્રેડર્સ / એરમેન ટેકનિકલ ટ્રેડર્સ. પ્રવેશ : લેખિત પરીક્ષાના આધારે મળે છે. લાયકાત : અપરિણીત ભારતીય પુરુષો ૧૬થી ૧૯ વર્ષની વય. ધો૧૦માં અંગ્રેજી વિષય સાથે પાસ. નિયત શારીરિક યોગ્યતા ધરાવતા હોવા જોઈએ. કૃષિ યુનિવર્સિટી દ્વારા ચાલતા અભ્યાસક્રમો આપણા દેશના મુખ્ય ઉદ્યોગોમાં કૃષિ અને પશુપાલન આજે પણ સૌથી વધુ મહત્ત્વ ધરાવે છે. ગુજરાત રાજય પણ કૃષિક્ષેત્રે સમગ્ર દેશમાં આગળ પડતું સ્થાન ધરાવે છે. ડેરી ઉદ્યોગને પશુપાલન ક્ષેત્રે ગુજરાત સૌથી મોખરે છે. ગુજરાતમાં હાલ ચાર કૃષિ યુનિ. આવેલી છે. (૧) સરદાર પટેલ કૃષિ યુનિ. દાંતીવાડા (૨) આણંદ કૃષિ યુનિ. (૩) નવસારી કૃષિ યુનિ. (૪) જૂનાગઢ કૃષિ યુનિ. કૃષિ ડિપ્લોમા મુદત : બે વર્ષ ,પ્રવેશ લાયકાત : ધો. ૧૦ પાસ ખેતીવાડી વિષયોને અગ્રતા મળે છે. સેનેટરી ઈન્સ્પેક્ટર કોર્સ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ આફ સેલ્ફ ગવર્નમેન્ટ, રાજકોટ, સુરત, વડોદરા અને અમદાવાદ ખાતે સેનેટરી ઈન્સ્પેક્ટરનો ૧૮ માસનો કોર્સ ચાલે છે. સ્થળ (૧) ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ આફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, બરફીવાલા ભવન, ખાનપુર, અમદાવાદ. (૨) ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ નહેરૂ ભવન, રાજમહેલ રોડ, વડોદરા (૩) ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, કિશોરસિંહ શાળા પાછળ, કોઠારિયા નાકા ચોક, રાજકોટ. **Website : rajkot@ailsg.org** (૪) નગર પ્રાથમિક એજયુકેશન સમિતિ સ્કૂલ નં. ૭૮, સેકન્ડ ફ્લોર, મછારપુરા, ગ્લેમન્ડી, સુરત **Website : surat@alling.org** - તાલુકા પંચાયતો, નગરપાલિકાઓ અને મ્યુ. કોર્પોરેશનમાં આરોગ્ય સુપરવાઈઝર તરીકે જોબ મળે છે. ધો. ૧૦ અંગ્રેજી સાથે પાસ કરેલ હોય તથા ૧૮ વર્ષની વય ધરાવતા હોય તો અરજી કરી શકાય. ઈવેન્ટ મેનેજમેન્ટ. ભારતમાં છેલ્લાં દસ વર્ષમાં ઈવેન્ટ મેનેજમેન્ટનું પ્રચલન શરૂ થયું છે. આજે તે શહેરની સીમા ઓળંગીને ગામડાંઓ કસબાઓ સુધી પહોંચ્યું છે. એના કારણે ઈવેન્ટ મેનેજમેન્ટમાં કારકિર્દીની શક્યતા વધી છે : ઉત્તમ કારકિર્દી ઘડવા તમે ડિપ્લોમા ઈન ઈવેન્ટ મેનેજમેન્ટનો કોર્સ કરી શકો છો. વધુ વિગતો તમને **www.named.com** પરથી મળી રહેશે. કેટલીક કાલેજો જેમ કે એચ. કે. કોમર્સ એન્ડ આટ્ર્સ કાલેજ, અમદાવાદ નેશનલ એકેડેમિક ઓફ ઈવેન્ટ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ, અમદાવાદ કળશ ઈવેન્ટ મેનેજમેન્ટ, અમદાવાદ આયુર્વેદ કમ્પાઉન્ડરધો. ૧૦ પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે તબીબી ક્ષેત્રે પણ સુંદર કારકિર્દી છે. તેઓ આયુર્વેદ કમ્પાઉન્ડર તરીકે પણ કારકિર્દી ઘડી શકે છે. સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, આજવા રોડ, વડોદરા મુદત : ૧ વર્ષ, વયમર્યાદા : ૧૬થી ૨૩ વર્ષ તથા ધો.૧૦માં સંસ્કૃત વિષય રાખેલ હોવો જોઈએ. ધો. ૧૦ પછી ડાયરેક્ટ નોકરીની કેટલીક તકો ધો. ૧૦ પછી ઘણા મિત્રો આગળ અભ્યાસ કરવા કરતાં નોકરીમાં જોડાવાનું નક્કી કરે છે. ગુજરાત સરકારના સચિવાલયના વિભાગો, ગુજરાત સરકારની વિવિધ કચેરીઓમાં ક્લાર્ક લેવલની પોસ્ટ, ટાઈપીસ્ટની પોસ્ટ માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક ભરતી પરીક્ષા લેવામાં આવે છે. ધો. ૧૦ પછી સ્ટેનોગ્રાફી અંગ્રેજી / ગુજરાતીનો કોર્સ કર્યો હોય તે મિત્રો સ્ટેનોગ્રાફની પોસ્ટ માટે અરજી કરી શકે છે. રેલવે રિક્રૂટમેન્ટ બોર્ડ દ્વારા પણ વિવિધ જગાની ભરતી થતી રહે છે. રેલવેમાં ગેંગમેન / ખલાસી, ફાટક ઓપરેટર જેવી જગ્યાઓની ભરતી પણ થાય છે. ડિપ્લોમા ઈન ટૂલ એન્ડ ડાય મેકીંગ ઈન્ડો જર્મન ટૂલ રૂમના ડિપ્લોમા અભ્યાસક્રમ માટે આ સંસ્થાનો સંપર્ક કરવાનો રહે છે. ઈન્ડો જર્મન ટૂલ રૂમ ૫૦૦૩, પીએચ૪, જી.આઈ.ડી.સી., મહેમદાવાદ રોડ, વટવા, અમદાવાદ **Website : www.igtrahd.com** - ડિપ્લોમા ઈન પ્લાસ્ટિક ટેકનોલોજી (સીપેટ) આ અભ્યાસક્રમ માટે સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પ્લાસ્ટિક ટેકનોલોજી (સીપેટ) ૬૩૦, જી.આઈ.ડી.સી. વિસ્તાર, વટવા, અમદાવાદ ખાતે પ્રાપ્ય છે. તેની **Website : www.vihtam.com.**

અભ્યાસક્રમની કિંમત તેના વિદ્યાર્થીને આધારે નક્કી થાય છે. તલવારની કિંમત લડવૈયાની શૂરવીરતાથી નિશ્ચિત થાય છે. વસ્ત્રોનું મૂલ્ય તેના પહેરનાર પરથી નિયત થાય છે. વિદ્યાર્થી મિત્રો આકાશ ખુલ્લુ છે, ઉડવાની ઈચ્છા અને ધગશ તમને બાજ કે ચકલી બનાવશે. કિનારા પર બેસી હલેસા મારવા એ પાણીના પરપોટા બની જવાની શક્યતા દર્શાવે છે.